
ધર્મતીર્થ પ્રભાવક
ગુરુગુણ સ્તવના

## પ્રભાવક જૈનશાસનના...

(રાગ - મેરા દિલ તોડને વાલે)

પ્રભાવક જૈનશાસનના, પ્રકાશક છો પ્રસારક છો;
વિભાવક જૈનતત્ત્વોના, વિકાશક છો વિચારક છો ...૧

વિઘાતક અષ્ટકર્મોના, વિનાશક છો વિદારક છો;
સુશાસક ભવ્યજીવોના, સુનાયક છો સુધારક છો ...૨

ભયાનક ભવઅટવીમાં, સહાયક છો સુતારક છો...
વિરાધકભાવ ટાળીને, જિનાગમના આરાધક છો ...૩

ગુરુવર દાનસૂરિવરના, પ્રભાવક પટ્ટધારક છો;
મરુધર દેશના હીરા, મુક્તિના માર્ગદર્શક છો ...૪

પતિતોના પુનિતકારક, સૂરિવર આપ ચરણોમાં;
નમન કરીએ સદા હેતે, અનંતા સુખને વરવા ...૫

સદા જય હો સદા જય હો, ગુરુવર પ્રેમસૂરિવરની;
સદા જય હો સદા જય હો, જગતમાં પ્રેમસૂરિવરની...૬

રચયિતા - પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ.

## ગુણિયલ ગુરુવરની સ્તુતિઓ

વાત્સલ્ય દાયક છો તમે કરુણાતણા ભંડાર છો,
શાસનતણા શણગાર છો, અમ હૃદયના આધાર છો,
શરણે આવેલા જીવના, ઉદ્ધારનારા આપ છો,
તે મિત્રાનન્દસૂરીન્દ્ર ચરણે મન-વચન-કાયા નમે. ...૧



છો પરમતારક છો પ્રભાવક, પરમ પદના પ્રાર્થી છો,
પ્રસન્નતાની મૂર્તિ પ્રશમાગાર પરમાધાર છો,
છો પરમપદ પથદર્શી ને અમ પ્રાણના આધાર છો,
ગુરુવર શ્રી મિત્રાનન્દ પરમાનન્દદાયી આપ છો. ...૨

તેજસ્વીતા જોવા મળે, જસ જીવનમાં દિનકર સમી,
વાત્સલ્યતા જોવા મળે, જસ જીવનમાં જનની સમી,
સાત્ત્વિકતા જોવા મળે, જસ જીવનમાં શાર્દુલ સમી,
તે મિત્રાનન્દસૂરીન્દ્ર ચરણે, મન-વચન-કાયા નમે ...૩

જે ગુરુદેવ કને અહો શ્રુતતણો ભંડાર ભરપૂર છે,
જેની વાણી વિષે જિનેન્દ્ર શાસનતણો રણકાર ગંભીર છે;
ધારકે બ્રહ્મચર્યતણા અખંડ બાલ્યવયથી ધર્મપ્રભાવક બહુ,
મિત્રાનંદસૂરીશ પુણ્યચરણે પંચાંગ ભાવે નમું ...૪

મહારાષ્ટ્રદેશે મસૂર ગામે, જન્મ પાવન તેં ધર્યો,
ગુરુ પ્રેમસૂરીશ્વર ચરણ પકડી, ઉજાસ આતમ તેં ભર્યો;
મનુભાઈમાંથી બન્યા મિત્રાનંદ ગુરુવર ભાવથી,
ઓગણીસ અધિક નવ્વાણું વર્ષે મહાની છઠ શુભતિથિ...૫

પ્રવચન હતું અદ્ભુત તારું, શી કરું તસ વર્ણના,
ભવરોગ હરતા મુક્તિદાતા, ચરણે કરું હું પ્રાર્થના;
આવો કૃપાળુ ઓ ગુરુવર ! સાથ મુક્તિપંથમાં,
ભવદવ સળગતો જોઉં છું, પગપગમહીં સંસારમાં. ...૬

પ્રભાવકતા હતી તુજમાં, સહન શક્તિ ગજબ તુજમાં,
કૃપાનો ધોધ વરસાવી શક્તિસંચય કરો મુજમાં,
અખંડ નિર્મળ સંયમથી સમાધિ સદ્ગતિ સાધી,
તર્યા તાર્યા ભવિજનને, મુક્તિના માર્ગને ચીંધી. ...૭

(રાગ : મંદિર છો મુક્તિ તણી)

લાખો કરું હું વંદના અવધારજો ઓ પૂજ્યશ્રી !
તારી કૃપા મંડિત છબી મારા હૃદયમાં છે વસી,
શ્રુતજ્ઞાનની આરાધના જેણે કરી છે આજીવન,
ગુરુરાજ મિત્રાનંદસૂરિનાં ચરણમાં કરીએ નમન ...૧

સૂરિપ્રેમના શુભ પ્રેમનું ભાજન હતા જેઓ શ્રીમદ્,
સૂરિરામના સમુદાયનું ગૌરવ હતા જેઓ શ્રીમદ્,
ચારિત્રની સુરભિ વડે વાસિત હતું જેનું જીવન,
ગુરુરાજ મિત્રાનંદસૂરિનાં ચરણમાં કરીએ નમન ...૨

સાંઈઠ વર્ષ સુધી કરી ચારિત્રની શુભ સાધના,
એ સાધના બળથી મળી શત-શત જીવોની ચાહના,
સૂરિપદ ધરી શાસનધુરાનું આદર્યું જેણે વહન,
ગુરુરાજ મિત્રાનંદ સૂરિનાં ચરણમાં કરીએ નમન ...૩

મહોદય સૂરીશ્વરની પછી સુવિશાળ ગચ્છસમૂહમાં,
ગચ્છસ્થવિર થઈ જે ગુરુ શોભી રહ્યા સૂરજ સમા,
સકલાગમો અવગાહતું જેનું અનુપમ છે વચન,
ગુરુરાજ મિત્રાનંદસૂરિનાં ચરણમાં કરીએ નમન ...૪



ચાલીસ શિષ્ય-પ્રશિષ્યના જેઓ હતા મસ્તકમણિ,
રગરગમહીં નિષ્ઠા ભરી સિદ્ધાંતની રક્ષા ભણી,
અતિ સરળ ભાષામાં પ્રયોજ્યા શાસ્ત્રના અર્થો ગહન,
ગુરુરાજ મિત્રાનંદ સૂરિનાં ચરણમાં કરીએ નમન ...૫

જેણે કરી છે બ્રહ્મની એવી સબળ અધિવાસના,
જેના પ્રભાવે ચિત્તને પીડે નહિ દુર્વાસના,
દુર્ધ્યાનના દાવાગ્નિનું જેઓ કરે છે ઉપશમન,
ગુરુરાજ મિત્રાનંદ સૂરિનાં ચરણમાં કરીએ નમન ...૬

'અધ્યાત્મબિંદુ' ગ્રંથ પર જેણે રચી અભિનવ ટીકા,
'ચારિત્રગુણમાળા' ગ્રંથ ઉપર જેણે રચી અદ્ભુત ટીકા,
સ્યાદ્વાદના ઉદ્યોતથી ભાવિત હતાં તન-મન-જીવન,
ગુરુરાજ મિત્રાનંદસૂરિનાં ચરણમાં કરીએ નમન ...૭

શત-શત જીવોને પ્રેમથી આપી તમે આલોચના,
પાતક ભરેલા માનવો આવ્યા તમારા શરણમાં,
આત્મા અમારો અભિલષે એક જ તમારું **હિતવચન**,
ગુરુરાજ મિત્રાનંદસૂરિનાં ચરણમાં કરીએ નમન ...૮

**રચયિતા : એક ગુરુભક્ત**

(રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું ...)

૧. ભવ્ય જીવોને ઉગારનારા શાસનના શણગાર તમે,
અંતરને અજવાળનારા, શાસનના છો દીપ તમે;
મુજ પાપોની શુદ્ધિ કરવા, આપે અનુપમ કરુણા કરી,
હવે ભવવનમાં ભ્રમણ કરું તો, લાજ જાશે આપ કેરી.

૨. આત્મિક શુદ્ધિ કરાવનારા જય હો મિત્રાનંદ સૂરિ,
શુદ્ધ થયો હું ધન્ય થયો હું આપ ચરણમાં ચિત્ત ધરી;
મુજ હૈયાની સારી મુંઝવણ પળમાં જેમણે દૂર કરી,
એ ગુરુવરના ચરણકમળમાં, કરું વંદના ભાવ ભરી.

૩. જય જય હોજો, મંગલ હોજો, ગુરુવર મિત્રાનંદ સૂરિ,
ઘણું ઘણું જીવો, જુગ જુગ જીવો, ગુરુવર મિત્રાનંદસૂરિ;
કરુણા કરજો, હિયડે ધરજો, ગુરુવર મિત્રાનંદ સૂરિ,
આશિષ દેજો, સમકિત દેજો, ગુરુવર મિત્રાનંદ સૂરિ.

૪. જય જય પામો, મંગળ પામો, ગુરુવર મિત્રાનંદ સૂરિ,
વંદન હોજો પુજન હોજો, ગુરુવર મિત્રાનંદ સૂરિ;
રક્ષા કરજો, ત્રાતા બનજો, ગુરુવર મિત્રાનંદસૂરિ,
સંયમ હોજો, સમતા દેજો, ગુરુવર મિત્રાનંદસૂરિ.

૫. ગુરુવર સૂરિવર શાતા પામો, દેહતણી વેદનાઓ થકી,
ગુરુવર સૂરિવર શાતા પામો, પુણ્યકર્મના ઉદય થકી;
ગુરુવર સૂરિવર શાતા પામો, આ જ અંતરની આશ ઘણી,
ગુરુવર મિત્રાનંદ સૂરીશ્વર, શાતા પામો ઘણી ઘણી.

૬. પ્રસન્ન વદને સહન કરતા, વેદનાઓ જે દેહતણી,
ગુરુવર મિત્રાનંદ સૂરીશ્વર, દેશના દેતા ધર્મતણી;
પ્રમત્તતા વિણ વહન કરતા, ચર્યા સાધુ ધર્મતણી,
પ્રશાંત મૂરતિ નયણે જોતાં, ભક્તિ હૃદયમાં ઉભરાણી.



૭. આચારવંતા, અવધારણશીલ જીવવ્યવહારના જ્ઞાતા તમે
લજ્જા દૂર કરાવનારા, પ્રાયશ્ચિત્તના દાતા તમે;
અપરિશ્રાવી નિર્યાપક ને, અપાયદર્શી ગુરુજી તમે,
અનુમાપક ગીતાર્થ ગુરુવર, મિત્રાનંદ સૂરિજી તમે.

## લય - હરિગીત

વાણી મધુરતાથી ભરી આંખો કરુણાથી ભરી,
મુદ્રા પ્રસન્ન પ્રસન્ન કાયમ આપની મૃદુતાભરી;
પ્રતિભા હતી તેજે ભરી પ્રજ્ઞા હતી નિષ્ઠા ભરી,
ગુરુરાજ મિત્રાનંદ સૂરિવરને નમું શ્રદ્ધા ધરી. (૧)

ભગવાનના મહાભક્ત શાસનના પરમ રક્ષક હતા,
સિદ્ધાંતના ધારક હતા શુભમાર્ગના દર્શક હતા;
સમતાસમાધિ સાધના સુંદર સહજ ભાવે કરી,
ગુરુરાજ મિત્રાનંદ સૂરિવરને નમું શ્રદ્ધા ધરી, (૨)

આદર્શ પંચાચારના સાકાર જીવનમાં કર્યા,
ગુણલાઓ અપરંપાર સાગરસમ થઈ જીવન ધર્યા;
ઉપકારધારા ભવિકજન પર પ્રેમભાવે વિસ્તરી,
ગુરુરાજ મિત્રાનંદ સૂરિવરને નમું શ્રદ્ધા ધરી (૩)

ગુરુના નામથી ઉજળો, સકલ સંસાર લાગે છે,
હૃદયથી શું કહું આજે, હૃદયપર ભાર લાગે છે;
હૈયું તારું સરળ હતું ને, અમૃતથી તરબોળ હતું,
જીવન તારું ધન્ય હતું ને, સમાધિથી ભરપૂર હતું.

## પૂ.ગુરુદેવને ગીતાંજલિ

### ૧. દીવો મંગલ માળ....

દીવામાંથી દીવો જાગે, દીવો મંગલ માળ,
મિત્રાનંદસૂરિજી એવો, દીપ હતો ઉજમાળ,
સૂરજમાંથી બીજો સૂરજ સરજાયો છે ક્યારે ?
એક જ દીવો લાખ હજારો દીવાઓ શણગારે,
મિત્રાનંદ ગુરુએ બાંધી અજવાળાની પાળ.. મિ.૧

દિવસે ઝાંખો રહેતો દીવો રાતે વધુ ચમકતો,
દિવસે ઝળહળ સૂરજ સાંજે દરિયામાં ખાબકતો,
રોગી કે નિરોગ અવસ્થા સમતા ધરી વિશાળ.. મિ.૨

ઊંચા આભે વસતો સૂરજ ઘરઆંગણ ના આવે,
દીવો સોનેરી રંગોથી ઘરઘર ખૂબ સજાવે,
અગણિત ભક્તોનાં હૈયામાં બાંધી પુણ્ય નિશાળ.. મિ.૩

ઘણું દઝાડે ઘણું તપે આ સૂરજ તો છે દૂર,
ટમટમતી દીવાની જ્યોતિ કોમળ અને મધુર,
મિત્રાનંદ ગુરુની વાણી લાગે અમૃત થાળ... મિ.૪

બ્રહ્મતેજ દીપે છે મુખ પર જ્ઞાન તેજ છે નયને,
અલગારી મસ્તી વર્તનમાં સત્ય તેજ છે વચને,
મિત્રાનંદ ગુરુનાં ચરણે હો વંદન ત્રણ કાળ.. મિ.૫



## યાદ બહુ આવે

(લય : નીચે પરિંદો કો ઉડને મે....)

મિત્રાનંદ સૂરિજી ગુરુવર યાદ બહુ આવે
અમૃતનું એ વિમલ સરોવર યાદ બહુ આવે
અલખની આલમનો એ આદમ, મસ્તી હતી આત્માની
અજબ ખુમારીનો એ સાગર યાદ બહુ આવે ...૧

નિઃસ્પૃહ ભાવ હતો હૈયામાં, શ્રદ્ધા હતી જિનવરમાં
અમી પ્રેરણાના સોદાગર યાદ બહુ આવે. ...૨

સાચ કહે તે સાધુ સાચો, આજ્ઞા એ જ મહાવ્રત
સત્ય ધરમનું એ પાવનઘર યાદ બહુ આવે. ...૩

સરજ્યાં એણે એવાં શાસ્ત્રો, ગીતાર્થો પણ ડોલે
અજર અમર એના એ અક્ષર યાદ બહુ આવે. ...૪

મનના અંધારાને ટાળે, આતમને અજવાળે,
પ્રશ્નોના એ સુંદર ઉત્તર યાદ બહુ આવે. ...૫

પ્રેમ સહુને પૂરો આપ્યો, ભેદભાવ નવ રાખ્યો,
અનહદ આરાધનનું અંતર યાદ બહુ આવે. ...૬

એનાં પ્રવચનઃ એની વાણી, કાયમ અનુપમ રહેતાં,
સચ્ચાઈનો સાચો શાયર યાદ બહુ આવે. ...૭

સૂરજના ઢળવાથી ઊમટે, અંધકારના પૂર,
આંખોનાં આંસુમાં ઝળહળ યાદ બહુ આવે. ...૮

(તર્જ : આંખડી મારી પ્રભુ હરખાય છે....)

આંખો અમારી આંસુથી ભીંજાય છે,
**યાદ તમારી આવે ને મન મુંઝાય છે...**
મા વિહોણા બાળકોની જે દશા (૨)
તેથી કરુણ દશા અમારી થાય છે ...યાદ તમારી

નયન જ્યાં વિકસી જતાં તુજ દર્શને (૨)
અશ્રુ તોરણ આજ ત્યાં બંધાય છે ...યાદ તમારી

દોડી દોડી ચરણમાં સૌ આવતાં (૨)
આજ તો સ્મૃતિમાં ચરણ દેખાય છે ...યાદ તમારી

શબ્દે શબ્દે ધોધ વહેતો સ્નેહનો (૨)
નીરવતાનું ત્યાં રૂદન સંભળાય છે ...યાદ તમારી

પ્રવચન કુશલં વાચના કુશલં છો તમે (૨)
સંયમ શિલ્પી તમારું નામ ગવાય છે ...યાદ તમારી

સત્યનિષ્ઠં સત્ત્વજ્યેષ્ઠં સૂરિવરં (૨)
શ્રેષ્ઠ સમતાધારક તું હિ ગણાય છે ...યાદ તમારી
'મિત્રાનન્દસૂરીશ્વર' ગુરુનું સંસ્મરણ (૨)
ભવસાગર તરવાનું કારણ થાય છે ...યાદ તમારી

'દીવ્યદીપક' સમું દર્શન તારું જો મળે (૨)
મન મંદિરમાં એનો ઉજાસ ફેલાય છે ...યાદ તમારી



(તર્જ : આવાજ દેકે તુમે હમ બુલાયે...)

સમતા-સમાધિની કેવી કહાણી
**ગુરુવર ! તારા જીવનમાં લખાણી...**
હતી પુષ્પ જેવી કોમળ કાયા,
એની ન રાખી લગીરેય માયા
કર્મો કીધાં તેં બધાં ધૂળધાણી ...ગુરુવર

ફૂલોની જેવા ખીલતા રહ્યા'તા,
દુઃખોની જ્વાળામાં હસતા રહ્યા'તા
પ્રસન્નતાની આ સાચી નિશાની ...ગુરુવર

અમી ભરેલાં નયનો તમારાં,
તત્ત્વો ભરેલાં વચનો તમારાં
ભવ્ય હૃદયને કીધ પાણી પાણી ...ગુરુવર

રાતા પાણીએ જ્યાં ભડવીર રોતા,
એવી દશામાં તને હસતાં જોતા
લાખો જીભે તુજ કીર્તિ ગવાણી ...ગુરુવર

રોગો સહ્યા તેં તેર તેર વર્ષ,
તુજ ગુણ ગાતાં રોમ રોમ હર્ષ
'દિવ્યદીપ' બનશે તમારી કહાણી ...ગુરુવર

(તર્જ : સંસાર હૈ એક નદીયાં....)

ભૂલ્યા તે કેમ ભૂલાય, છોડાવ્યા કેમ છોડાય
**અમ રોમે રોમ વસ્યા છે, ગુરુ મિત્રાનન્દ સૂરિરાય....**

મુજ નાની ઉંમરમાં, ઉપકાર અમૂલ કીધા
બની શિલ્પી આ જીવનના, તેં જ્ઞાનનાં દાન દીધાં (૨)
એહ યાદ કરું જ્યારે, આંખે અશ્રુ ઉભરાય ...અમ.

સંયમ ને બ્રહ્મ થકી, મઘમઘતું જીવન હતું
સમાધિ - સમતાનું જીવંત પ્રતીક હતું (૨)
શ્રમ શ્રમણી ગણના, યોગ-ક્ષેમંકર જે કહાય ...અમ.

સાગર વાત્સલ્ય તણા, ગંભીર ગીતાર્થ હતા
છેદ - આગમ ગ્રંથોના, મર્મજ્ઞ કથક જે હતા (૨)
સિદ્ધાંત સુરક્ષામાં, જે અડગ મેરુ'શા ગવાય ...અમ.

સુદીર્ઘ કાલીન સ્મૃતિ, વળી ધારણા સ્વામી હતા
સાધના મંગલમય મૃત્યુ, જીવનના સ્વામી હતા (૨)
આનંદ અનુભવના, નિધિ પ્રજ્ઞામહીં છલકાય ...અમ.

ભાવાચાર્ય હૃદય મણિ'શા, ચરણે કરું કોટી નમન
કરજો અમ ભક્તોના, રાગાદિ દોષ શમન (૨)
તુજ ચરણ-શરણથી મળે, 'દીવ્યદીપ'ને સ્નેહ સહાય ...અમ.

**(તર્જ : હું તો જાઉં છું ગુણિયલ ગુરુના ઘરે....)**

**તને સંભારતાં અમ હૈયાં ઝૂરે,**
આંસુડા આંખમાંથી આજે ઝરે...તને...ધ્રુવપદ.
ગામ **મસૂર છોટુભાઈ** કુળનો દીવો,
માતા **સોનુ** નંદન **મનુ** ચિરંજીવો,
ઓગણીસો નવાણુંમાં જે સંયમ વરે ...તને



સૂરિ પ્રેમ-ભાનુ-પદ્મ શરણાં ગ્રહ્યાં,
રૂડા રાજનગરે વીર વાઘા ધર્યાં,
**'મિત્રાનંદ'** બન્યા પંદર ઉંમરે ..તને

સંયમ રસિયા ગુરુ હૈયે વસિયા,
ક્રમે ગણી સૂરિ પદવીને વરિયા,
મિત્રાનંદ સૂરિ જયકાર કરે ..તને

શાસન નિષ્ઠા સુરિરામ તણી,
તેં ઝીલી જીવનભર વીર બની,
તુમ વાણીથી કેઈ ખમીર ધરે ..તને

તેર વરસથી દેહે અશાતા ધરી,
તેં રોમે રોમે મહાસમતા ભરી,
તારું સત્ત્વ નિહાળીને દિલડાં ઠરે ..તને

માતા-ભગિની આદિને તેં તારી દીધાં,
**મહાબલ-પુણ્યપાલાદિ** ઉગારી લીધા,
ઉપકાર અનંતા કેમ વિસરે ..તને

**દેવરત્ન** ને **ભવ્યદર્શન** મુનિએ,
ખૂબ સેવા કરી કેમ વર્ણવીએ ?
સૌ શિષ્યોની આંખોથી અશ્રુ ઝરે ..તને

તુમ ચરણોની સેવા કરવી હતી,
વળી આગમ સુધા પીવી હતી,
ક્રૂર કાળ અમારું છત્ર હરે ..તને

વાત્સલ્ય તણો તું દરિયો હતો,
આગમ રત્નોનો તું ઉદધિ હતો,
તુજ વાણી-તરણિ-ભવિ તિમિર હરે ..તને

આતમને સમતામાં લીન કરી,
અંતિમ સમયે સુસમાધિ વરી,
ચૈત્ર સુદીની છઠ્ઠ પાવનતા વરે ..તને

'દિવ્યદીપ' બની અમ તમ હરજો,
સ્વર્ગલોકથી ગુરુવર દર્શન દેજો,
એમ ભક્ત હૃદય પોકાર કરે ..તને

## અમૃત જૈસી વાણી જિનકી

*(તર્જ : ચાંદી જૈસા રંગ હૈ તેરા....)*

અમૃત જૈસી વાણી જિનકી ઽઽઽઽ
મિત્રાનંદ સૂરીશ્વર નામ
કિતને હૈ વિદ્વાન ગુરુવર, જૈનધર્મ કી શાન
કિતને હૈ વિદ્વાન ગુરુવર, જિનશાસન કી શાન ॥
સ્થાયી ॥

- અંતરા -

૧. ગાંવ ગાંવ ઔર નગર શહર મેં, ધર્મધ્વજા લહરાયે
જિનવાણી કા પાન કરાકર, જીવન કુસુમ ખિલાયે
ઐસે હૈ ગુરુદેવ હમારે ઽઽઽઽ-૨
જિન પર હમેં અભિમાન ૨.... કિતને...॥ ૧ ॥



૨. ધન્ય દિવસ ધન્ય ભાગ્ય હમારા, અર્જી સુની હમારી
ધુલિયા નગર મેં પધારે ગુરુવર, ધુમ મચી હૈ ભારી
કિતના હૈ ઉપકાર તુમ્હારા ઽઽઽઽ-૨
કૈસે કરેં ગુણગાન-૨.... કિતને... ॥ ૨ ॥

૩. જિનશાસન કી અમર જ્યોતિ વો, કભી ન બુઝને પાયે
તુમ જિયો હજારોં સાલ ગુરુવર, ભક્ત હૃદય યે ચાહે
આપ પધારે હમ આંગન મેં ઽઽઽઽ-૨
ચિંતામણી સમાન -૨ .... કિતને... ॥ ૩ ॥

- જગદ્ગુરુ જૈન નવયુવક મંડલ, ધુલિયા (મહારાષ્ટ્ર)

## પરમાત્મ સ્તુતિઓ

તારા નયનમાં પ્રેમનો સાગર મધુર ઉભરાય છે.
તારા નયનમાં તેજ સૂરજ ચંદનું સોહાય છે.
તારા નયનનું રૂપ જિનવર ભૂલવે છે જગતને.
ભગવાન આદિનાથજી કરૂણા કરી તારો મને,.... ૧

દરિયો દયાનો દેવ તારા હૃદયમાં ઉછળ્યા કરે,
તુજને ભજે તે ભક્તના સઘળાય સંતાપો ઠરે,
સમરૂં તને દિનરાત ભગવન ? હરપળેને હરક્ષણે.
વીતરાગ આદિનાથજી કરૂણા કરી તારો મને,.... ૨

ક્યારેક આપણ એકસાથે ભવ મહીં રહેતા હતા,
આધાર એકબીજાતણો થઈ તકલીફો સહેતા હતા,
પામી પરમસુખ કેમ ભૂલે ! એ જુના સંગાથને,
સુખદાયી આદિનાથજી કરૂણા કરી તારો મને,.... ૩

હોઠે રહે તુજ નામ હૈયે ધ્યાન પણ તારુ રહે.
મનમાં સ્મરણ તારૂ રહેને લાગણીમાં તુ વહે,
ખાલી રહેતી નાથ ! મારી ઝોળીને છલકાવને,
દાતાર આદિનાથજી ? કરૂણા કરી તારો મને,.... ૪

તારા ચરણમાં યાત્રાતણું મુજ એક તીરથધામ છે.
તારા ચરણમાં રાતદીન મુજ આત્માને આરામ છે,
સંસાર રણમાં છાંયડો પામું ? અહી તુજ ચરણને,
જગનાથ આદિનાથજી ! કરૂણા કરી તારો મને,.... ૫

શક્યતા તુજમાં ઘણી પણ ભવ્યતા મુજમાં નથી.
દિવ્યતા તુજમાં ઘણી પણ યોગ્યતા મુજમાં નથી.
ધૈર્યતા તુજમાં ઘણી પણ નમ્રતા મુજમાં નથી.
તેથી કરી સંસારમાં રખડી રહ્યો હે નાથજી..... ૬

જ્યાંનાં કણેકણમાં વહે, શુભભાવના આંદોલનો,
ના પારકો પામી શકે, જે ક્ષેત્રના માહાત્મયનો,
મહાતીર્થ તે સિદ્ધાચલે, છે વાસ પાવન જેમનો,
તે આદિનાથ જિનેન્દ્રને, પંચાંગ ભાવે હું નમું..... ૭

જેની પૂજા કરનારની. દેવેન્દ્ર પણ પૂજા કરે.
જેનું શરણ લેનારનું, ત્રૈલોક્ય આખું શરણલે,
જેની કૃપા વરનાર, ભવસાગર સરળતાથી તરે,
તે આદિનાથ જિનેન્દ્રને, પંચાંગ ભાવે હું નમું... ૮

જેના પ્રભાવે જીવનમાં, હું પરમ શાન્તિ અનુભવું,
જેના પ્રભાવે વરસમાધિ, મરણમાં પામીશુ હું,
જેના પ્રભાવે પવનવેગે, મોક્ષમાં પહોંચીશ હું,
તે આદિનાથ જિનેન્દ્રને, પંચાંગ ભાવે હું નમું.... ૯



નયનો મહીં નયનો મિલાવી જીવનભર જોયા કરૂં.
ને આપને જોતાં પ્રભુજી કર્મમલ ધોયા કરૂં.
પ્રત્યક્ષ દર્શન પામવા હું. જીવન આ ખોયા કરૂં.
ને ના મળે તું જ્યાં લગી, હું ખુબ ખુબ રોયા કરૂં....૧૦

બહુકાળ ભવ અટવી વિષે, ભમતાં અહીં આવી ચડ્યો.
નરભવ મળ્યો ને નાથ તું પણ, પુણ્ય યોગે સાંપડ્યો.
ભાગ્યે મળ્યું એકાંત હિતકર, સ્વામી શાસન તાહરું.
તે નાથ દૂરે ના થજો. હું પ્રાર્થના એક જ કરું... ૧૧

અંતરના એક કોડિયામાં, દીપ બળે છે ઝાંખો.
જીવનના જ્યોતિર્ધર એને નીશ દિન જલતો રાખો.
ઉંચે ઉંચે ઉડવા માટે, પ્રાણ ચાહે છે પાંખો.
તમને ઓળખું નાથ નીરંજન એવી આપો આંખો...૧૨

છો આપ બેલી દીનનાં, ઉદ્ધારવામાં દીનને.
આજે ઉપેક્ષા આચરો છો. ઉચિત એ શું આપને ?
મૃગબાળ વનમાં આથડે, તિમ ઘોર ભવ માંહે મને,
મૂક્યો રખડતો એકલો, આપે કહો શા કારણે ?... ૧૩

સંસાર ઘોર અપાર છે, તેમાં ડુબેલા ભવ્યને,
હે તારનારા નાથ ! શું. ભૂલી ગયા નિજ ભક્તને,
મારે શરણ છે આપનું. નવી ચાહતો હું અન્યને.
તો પણ પ્રભુ મને તારવામાં, ઢીલ કરો શા કારણે... ૧૪

ભલે કાંઈ મુજને ના મળે, બસ તું મળે તો ચાલશે.
ભલે આશા મારી ના ફળે. બસ તું મળે તો ચાલશે.

વિશ્વાસ કીધો વિશ્વમાં વ્હાલાં જિનેશ્વર આપથી.
છૂટવા મથું છું. અંતરે, ભવોભવ તણા સંતાપથી... ૧૫
હૈયે વસેલા નાથ ! તારી અજબ સુંદર મુરતિ.
જોયા કરૂં અનિમેષ નયને તોયે તૃપ્તિ ના થતી.
વસવા મળે ભવોભવ મને બસ આપનાં ચરણોમહીં.
એથી વધુઓ નાથ ! હું માંગું હવે કશું યે નહીં... ૧૬

હે નાથ મારી જીવનરૂપી નાવડી ભવસાગરે.
અટવાઈ રહી છે વિષયનાં નશ્વર સુખોની ગાગરે.
સુખબિંદુઓ ક્ષણવારમાં લઈ જાય છે દુઃખ સાગરે.
દુઃખમુક્તિ આપો નાથજી ? એ એક મારી માંગ છે ! ૧૭

(રાગ-સંસાર હૈ એક નદીયાં)

ગુરુદેવ મોરી નૈયા, ઉસ પાર લગા દેના,
અબતક તો નિભાયા હૈ, આગે ભી નીભા લેના, (૨)
સંભવ હૈ ઝંઝટો મેં, મૈં તુમકો ભૂલ જાઉં (૨)
ગુરુદેવ કહે તુમ બિન, મુજકો ન ભૂલા દેના
ગુરુદેવ મોરી નૈયા...

દલબલ કે સાથ માયા, જો મુજકો આ ન ઘેરે (૨)
તો દેખતે મત રહના, ઝટ આકર બચા લેના,
ગુરુદેવ મોરી નૈયા...

તુમ દેવ મૈં પૂજારી, તુમ ઈષ્ટ મૈં ઉપાસક (૨)
યહ બાત અગર સચ હૈ, સચ કર કે દિખા દેના,
ગુરુદેવ મોરી નૈયા...



## વંદો વંદો

(લય : પૂજો પૂજો...)

વંદો વંદો ભવિ ભાવ ધરીને શાસનના શણગાર,
ભાવે સમરો મિત્રાનંદસૂરિજી અગણિત ગુણભંડાર;
તરુણવયે દીક્ષાવ્રત લીધું પદ્મવિજય ગુરુ ચરણે,
પ્રેમ-રામ વત્સલ દૃષ્ટિથી સમજાવે શાસનને,
સમિતિ ગુપ્તિ એ નિર્મળ પાળે નહીં પ્રમાદ લગાર... વંદો...૧

શાસ્ત્રોનો અભ્યાસ અતિશય શ્રદ્ધા શ્વાસે શ્વાસ
આરાધે ચારિત્ર અનુપમ સાથે તપ ઉલ્લાસ
ક્યાંય ન થાકે સઘળાંય અનુષ્ઠાનોમાં પ્રેમ અપાર... વંદો...૨

પૂર્વ મહાપુરુષોનાં જેવું તેજ સૂરિમાં સોહે,
સંયમની અવધૂત ખુમારી ભવિજનનાં મન મોહે,
પાળે ગુરુજી એ પૂર્વઋષિ સમ પાવન પંચાચાર... વંદો...૩

## શત્રુંજયનું સ્તવન

(રાગ : મેહુલા ઝંબે છે ભોમ પાણી પાણી.....)

ગિરિની વાટે વાટે જાવું, હો આતમા ગિરિની...
શત્રુંજયગિરિની કરવી છે જાતરા.....(૨)
ભવોભવનાં કર્મ ખપાવું, હો આતમા,
અનુભવ અમૃત પીવું; હો આતમા .......૧

દુરભવ્ય અભવ્ય નજરે ન દેખે (૨)
જયણાએ પગલાં ઠાવું, હો આતમા
ગિરિને મોતીડે વધાવું; હો આતમા .......૨

ઋષભ જિનેશ્વર જગ પરમેશ્વર (૨)
નિર્મલ ધ્યાને ધ્યાવું, હો આતમા.
ભક્તિના રાસ જમાવું; હો આતમા .......૩

પૂર્વનવ્વાણું વાર પધાર્યા (૨)
પાવન ધામમાં જાવું, હો આતમા
શત્રુંજીનદીમાં નહાવું; હો આતમા .......૪

આદિજિણંદના પુંડરીક ગણધર (૨)
હૃદય મંદિર પધરાવું, હો આતમા.
અલબેલી આંગી રચાવું; હો આતમા .......૫

ઘેટીની પાગે પગલાં પ્રભુનાં (૨)
લળી લળી શિશ નમાવું, હો આતમા.
ધ્યાનની તાળી લગાવું; હો આતમા .......૬

નવ નવ ટૂંકનાં દર્શન કરતાં (૨)
સમકિત નિર્મળ કરવું, હો આતમા
'મિત્ર ! આનંદ પદ વરવું; હો આતમા .......૭

## (૧) આદીશ્વર ભગવાનનાં સ્તવનો

ઐસી દશા હો ભગવન્, જબ પ્રાણ તનસે નિકલે,
ગિરિરાજ કી હો છાયા, મન મેં ન હોવે માયા,
તપસે હો શુદ્ધ કાયા. જબ ૧

ઉરમેં ન માન હોવે, દિલ એક તાન હોવે,
તુમચરણ ધ્યાન હોવે. જબ ૨



સંસાર દુઃખ હરણાં, જૈન ધર્મકા હો શરણાં,
હો કર્મ મર્મ ખરના. જબ. ૩

અનશનકો સિદ્ધ વટ હો, પ્રભુ આદિદેવ ઘટ હો,
ગુરુરાજ ભી નિકટ હો. જબ. ૪

યહ દાન મુજકો દીજે, ઈતની દયા તો કીજે,
અરજી સેવક (તિલક) કી લીજે. જબ. ૫

(૨)

શેત્રુંજા ગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર;
સાહિબાની સેવા રે ભવદુઃખ ભાંગશે રે. ૧

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે,
ચોરાશી લાખ ફેરા રે દૂર નિવારજો રે;
પ્રભુ મને દુરગતિ પડતો રાખ,
તારું દરિસણ વહેલું દાખ. સા૦ ૨

દોલત સવાઈ રે સોરઠ દેશનીરે,
બલિહારી હું જાઉં રે પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તારું રૂડું દીઠું રૂપ,
મોહ્યાં સુર નર- વૃંદ ને ભૂપ. સા૦ ૩

તીરથ ન કોઈ રે શેત્રુંજા સારીખું રે,
પ્રવચન પેખીને કીધું મેં તો પારખું રે;

ઋષભને જોઈ જોઈ હરખે જેહ,
ત્રિભુવન લીલા પામે તેહ. સા૦ ૪

ભવોભવ માંગુ રે પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંજે રે જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનના કોડ,
ઈમ કહે ઉદયરત્ન કર જોડ. સા૦ ૫

## (૩) સ્તવન

માતા મરુદેવીના નંદ !
દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણું જી;
મારું દિલ લોભાણું જી, મારું ચિત્ત ચોરાણુંજી. ૧

કરુણાનાગર કરુણાસાગર, કાયા કંચન વાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન. માતા૦ ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા૦૩

ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મન રંગ;
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦૪

તું હિ બ્રહ્મા, તું હિ વિધાતા, તું જગતારણહાર;
તુજ સરિખો નહિ દેવ જગતમાં, અરવડીઆ આધાર. માતા૦ ૫

તુંહિ ભ્રાતા, તુંહિ ત્રાતા, તુંહિ જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૬

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ;
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભયફંદ. માતા૦ ૭



## (૪)

સિદ્ધાચલના વાસી,
વિમલાચલના વાસી જિનજી પ્યારા,
આદિનાથને વંદન હમારા,

પ્રભુજીનું મુખડું મલકે,
નયનોમાંથી વરસે, અમીરસ ધારા,
આદિનાથને વંદન હમારા. ૧

પ્રભુજીનું મુખડું છે મનક મીલાકર,
દિલમેં ભક્તિકી જ્યોત જલાકર,
ભજી લે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી નહીં આવે. જિન૦ ૨

ભમીને લાખ ચોર્યાસી હું આવ્યો,
પુણ્યે દરિશન તમારું પાયો,
ધન્ય દિવસ મારો, ભવના ફેરા ટાળો. જિન૦ ૩

અમે તો મોહ માયાના વિલાસી,
તુમે તો મુક્તિપુરીના વાસી,
કર્મબંધન કાપો, મોક્ષસુખ આપો. જિન૦ ૪

અરજી ઉરમાં ધરજો અમારી,
અમને આશા છે પ્રભુજી તુમારી,
કહે હર્ષ હવે, સાચા સ્વામી તમે,
પૂજન કરીએ અમે. જિન૦ ૫

## (૧)

## આદીશ્વર ભગવાનની થોય

પ્રણમો ભવિયાં રિસહજિનેસર, શત્રુંજયકેરો રાય જી,
વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવનવરણી કાય જી;
ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા - રાય જી;
ચૈત્રી પૂનમને દિને જેહના, મ્હોટા મહોત્સવ થાય જી. ૧

## (૨)

પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઇન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુર નરનારીનાં વૃંદ. ૧

## પાર્શ્વનાથ પ્રભુનાં સ્તવનો

## (૧)

અખિયાં હરખણ લાગી, હમારી અખિયાં હરખણ લાગી.
દર્શન દેખત પાર્શ્વજિણંદ કો, ભાગ્યદશા અબ જાગી ....૧
અકલ અરૂપી ઓર અવિનાશી, જગ જનને કરે નિરાગી ....૨
શરણાગત પ્રભુ ! તુજ પદ પંકજ સેવના મુજ મન જાગી ....૩
લીલા લહેરે દે નિજ પદવી, તુજ સમ કો નહીં ત્યાગી ....૪
વામાનંદ ચંદનની પરે, શીતલ તું સોભાગી ....૫
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પરંતા, ભવભય ભાવઠ ભાંગી ....૬



## (૨)

કોયલ ટહુકી રહી મધુબનમેં,
પાર્શ્વશામળીયા બસો મેરે મનમેં;
કાશીદેશ વાણારસી નગરી,
જન્મ લીયો પ્રભુ ક્ષત્રિય કુલમેં, કોયલ૦ ૧

બાલપણામાં પ્રભુ અદ્‌ભુત જ્ઞાની,
કમઠકો માન હર્યો એક પલમેં. કોયલ૦ ૨

નાગ નિકાલા કાષ્ટ ચિરાકર,
નાગકું સુરપતિ કિયો એક છીનમેં. કોયલ૦ ૩

સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા,
સંયમે ભીંજ ગયો એક રંગમે, કોયલ૦ ૪

સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા,
પાર્શ્વજીકો મહિમા ત્રણ ભુવનમેં. કોયલ૦ ૫

ઉદયરતનકી એહી અરજ હૈ,
દિલ અટકો તોરા ચરણ કમલમેં. કોયલ૦ ૬

## (૩)

તારા નયનાં રે પ્યાલા પ્રેમના ભર્યા છે,
દયારસના ભર્યા છે,
અમી છાંટના ભર્યા છે.......તારા ૦૧

જે કોઈ તારી નજરે ચઢી આવે,
કારજ તેનાં તેં સફલ કર્યા છે. તારા ૦૨

પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તેં,
જાદવનાં દુઃખ દૂર કર્યાં છે. તારા ૦૩

પન્નગપતિ પાવકથી ઉગાર્યો,
જન્મ-મરણ ભય તેહના હર્યા છે. તારા ૦૪

પતિત પાવન શરણાગત વત્સલ,
દરિશન દીઠે મારા ચિત્તડાં ઠર્યાં છે. તારા૦ ૫

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર,
તુજ પદ પંકજ આજથી ધર્યાં છે. તારા૦ ૬

જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે,
**અમૃત સુખના** રંગથી વર્યા છે. તારા૦ ૭

(૪)

## (રાગ - તુજ શાશનરસ અમૃત મીઠું)

આજ મનોરથ માહરો ફળિયો,
પાસ જિનેસર મળિયો રે;
દુરગતિનો ભય દૂરે ટળિયો,
પાયો પુણ્ય પોટલિયો રે.... આજ૦૧

મોહ મહા ભટ જે છે બળિયો,
સકલ લોક જેણે છળિયો રે;
માયામાંહે જગ સહુ ડુલિયો,
તે તુજ તેજે ગળિયો રે. આજ૦૨



તુજ દરસન વિણ બહુ ભવ રુલિયો,
કુગુરુ કુદેવ જલિયો રે;
ઝાઝા દુઃખમાંહી હાંકળિયો,
ગતિ ચારે આકળિયો રે. આજ૦૩

કુમતિ કદાગ્રહ હેલે દળિયો,
જબ જિનવર સાંભળિયો રે;
પ્રભુ દીઠે આણંદ ઊછળિયો,
મનમાંહે ઘી ઢળિયો રે. આજ૦૪

અવર દેવશું નેહ વિચલિયો,
જિનજીશું ચિત્ત હળિયો રે;
પામી સરસ સુધારસ ફળિયો,
કુણ લે જલ ભાંભલિયો રે. આજ૦૫

જન મન વાંછિત પૂરણ કલિયો,
ચિંતામણિ ઝળહળિયો રે;
**મેઘ** કહે ગુણમણિ માદળિયો,
દો દોલત દાદલિયો રે. આજ૦૬

(૫)

ઓલગડી અવધારો, આશ ધરી હું આવ્યો,
શ્રી શંખેશ્વર અલવેસર તારી, આશ ધરી હું આવ્યો,
સેવક પાર કરોને સાહિબ ! ચિંતામણિ મેં પાયો ...૧

દેવ ઘણા મેં સેવ્યા પહેલાં, જિહાં લગે તું નવિ મળિયો,
હવે ભવાંતરમાં પણ તેહથી, કીમ હિ ન જાઉં છલિયો...૨

અતિશય જ્ઞાનાદિક ગુણ તારા, દિસે છે પ્રભુ જેહવા,
સુરજ આગળ ગ્રહગણ દીપે, હરિહર દીપે એહવા ...૩

કલિકાલે પ્રગટ તુજ પરચો, દેખ્યું વિશ્વ મોઝાર,
પુરુષાદાણી પાર્શ્વ જિનેશ્વર, બાંહ્ય ગ્રહીને તારો ...૪

પુષ્કરાવર્ત ઘનાઘન પામી, ઓર છિલ્લર નવિ જાચું,
કામકુંભ સાચો પામીને, ચિત્ત કરે કોણ કાચું ? ... ૫

જરા નિવારી જાદવ કેરી, સુર નરવર સહુ પુજ્યા,
પાસજી પ્રત્યક્ષ દેખત દરિશન, પાપ મેવાસી ધ્રુજ્યા...૬

સો વાતે એક વાતડી જાણો, ભવજલ પાર ઉતારો,
પંડિત ઉત્તમ વિજયનો સેવક, રતનવિજય જયકારો...૭

(૬)

સમય સમય સો વાર સંભારું, તુજશું લગની જોર રે;
મોહન મુજરો માની લેજો, જ્યું જલધર પ્રીતિ મોર રે. સમય૦ ૧

માહરે તન ધન જીવન તુંહી, એહમાં જૂઠ ન જાણો રે;
અંતરજામી જગજન નેતા, તું કિહાં નથી છાનો રે. સમય૦ ૨

જેણે તુજને હિયડે નવિ ધાર્યો, તાસ જનમ કુણ લેખે રે; ?
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે. સમય૦ ૩

સુરતરુ છાયા મૂકી ગહરી, બાઉલ તળે કુણ બેસે રે; ?
તારી ઓલગ લાગે મીઠી, કિમ છોડાય વિશેષે રે. સમય૦ ૪

વામાનંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં ધારો રે;
રૂપવિબુધનો **મોહન** પભણે, નિજ સેવક કરી જાણો રે. સમય૦ ૫



(૭)

**અબ મોહે ઐસી આય બની,**
શ્રી શંખેશ્વર પાસ જિનેસર, મેરે તું એક ધની. અબ૦ ૧

તુમ બિનું કોઉ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુની,
મેરો મન તુજ ઉપર રસિયો, અલિ જિમ કમલ ભની. અબ૦ ૨

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરની,
નામ જપું નિશિ વાસર તેરો, એ શુભ મુજ કરની. અબ૦ ૩

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની,
નામ જપું જલધાર તિહાં તુજ, ધારું દુઃખ હરની. અબ૦ ૪

મિથ્યામતિ બહુ જન હૈ જગમેં, પદ ન ધરત ધરની,
ઉનસે અબ તુજ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કની. અબ૦ ૫

સજ્જન-નયન સુધારસ-અંજન, દુરજન રવિ ભરની,
તુજ મુરતિ નિરખે સો પાવે, સુખ **જસ** લીલ ઘની. અબ૦ ૬

## થોય

(૧)

શ્રી શંખેશ્વર પાસ જિનેસર, વિનતિ મુજ અવધારો જી,
દુરમતિ કાપી સમકિત આપી, નિજ સેવકને તારો જી;
તું જગનાયક શિવસુખદાયક, તું ત્રિભુવન સુખકારી જી,
હરિ હિતકારી પ્રભુ ઉપગારી, યાદવ જરા નિવારી જી. ૧

## (૨)

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વારાણસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા.

દશ ને ચાર સુપન દીખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;

છપ્પન દિગ્કુમરી હુલરાયા, ચોસઠ ઈન્દ્રાસન ડોલાયા,
મેરુશિખર નવરાયા,

નીલવરણ તનુ સોહે કાયા, શ્રીવિજયસેનસૂરીશ્વરરાયા,
પાસ જિનેશ્વર ગાયા. ૧

## (૩)

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફલી,
સુપનાં દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જિનવર જાયા, સુર હુલરાયા, હુવા રમણીય પ્રિયે,
નેમિરાજી ચિત્ર વિરાજી, વિલોકિત વ્રત લિયે. ૧

## (૧)

## સામાન્ય જિન સ્તવનો....

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું...
હૃદયકમલ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું. જિન૦ ૧
તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહિ કબહું. જિન૦ ૨
તેરે ગુણો કી જપું જપમાલા, અહનિશ પાપ દહું. જિન૦ ૩
મેરે મનકી તુમ સબ જાનો, ક્યા મુખ બહોત કહું. જિન૦ ૪
કહે જસવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. જિન૦ ૫



## (૨)

ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી... (૨)
ક્રોધ લોભ મદ માન વિષય રસ, છાંડત ગેલ ન મેરી. ૧
કર્મ નચાવે તિમહિ નાચત, માયા વશ નટ ચેરી. ૨
દૃષ્ટિરાગ દૃઢ બંધન બાંધ્યો, નિકસન ન લહી શેરી. ૩
કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી. ૪
કહત માન જિન ભાવભગતિ બિન, શિવગતિ હોત ન નેરી. ૫

## (૩)

આજ મારા પ્રભુજી સામું જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાળ મનાવો. મોરા સાંઈ રે. આજ૦ ૧

પતિત પાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નવિ મૂકું, એહિ જ મારો દાવો. મોરા૦ આજ૦ ૨

કબજે આવ્યાં હવે નહિ મૂકું, જિહાં લગે તુમ સમ થાવુ રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તેહી દાવ બતાવો. મોરા.આજ૦ ૩

મહાગોપ ને મહાનિર્યામક, એવાં એવાં બિરુદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહુ શું કહાવો. મોરા૦ આજ૦ ૪

જ્ઞાનવિમલ ગુણનાં નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ અભેદપણે અવલંબી, અહોનિશ એહિ દિલ ધ્યાવો.મોરા૦ આજ૦ ૫

## (૪)

મન મોહ્યું પ્રભુ ગુણ ગાનમાં.......
કાલ અનંત ન જાણ્યો જાતાં, મોહ સુરાકે પાનમાં... ૧

એકેન્દ્રિ બિતિ ચઉરિન્દ્રિયમાં, કાળ ગયો અજ્ઞાનમાં,
હવે કાંઈક પુણ્યોદય પ્રગટ્યો, આવી મળ્યાં પ્રભુધ્યાનમાં....૨

અંતર ભરમ ગયો સવિ દૂરે, તત્ત્વ સુધારસ પાનમાં,
પ્રભુ તુમ દૃષ્ટિ થઈ મુજ ઉપર, અંતર આતમ સાનમાં....૩

દરસ સરસ દેખ્યો જિનજીકો, લગન લગી તારા જ્ઞાનમાં,
કેવલ કમલા કંત કૃપાનિધિ, ઔર ન દેખ્યો જહાનમાં....૪

અશરણ શરણ નિરાગી નિરંજન, પરમાતમ શુચિ વાનમાં,
"શુભ" કહે તુજ આણા ભવોભવ, ધારીએ નયને પ્રમાણમાં...૫

(૫)

તું પ્રભુ મેરા મૈં પ્રભુ તેરા, ખાસી ખીજમતગારી રે;
પ્રીત બની અબ જિનજી તોસું, જૈસે મીન ને વારિ રે. તું૦ ૧

ભોર ભયો સમકિત રવિ ઊગ્યો, મીટ ગઈ રયણી અટારી રે;
મિથ્યા તામસ દૂર થયું સવે, વિકસે પંકજ વારિ રે તું૦ ૨

દ્વાર તુમારે આન ખડા હૈ, સેવકરે નરનારી રે;
દરસન દેજે દેવ દાસન કું. જાઉં તુમ બલિહારી રે તું૦ ૩

પર ઉપકારી જગહિતકારી, દાન અભય દાતારી રે;
મહેર કરી મોહે પ્રભુ દીજે, ક્ષાયિક ગુણ ભંડારી રે તું૦ ૪

દીઠી અતિ મીઠી અમીરસ સમ, સૂરત તુમ બહુ પ્યારી રે;
ઋદ્ધિ કહે કવિ રૂપવિજયનો, ભવોભવ તુંહી આધારી રે તું૦ ૫





પ્રભુ આદિદેવ ઘટ હો.....



પૂ. ગુરુદેવના ઉપકારી મહાપુરુષો...